દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

ગુરુવાર ૫ નવેમ્બર, ૨૦૨૬

અન્ય દેશના શાસકોને ઉથલાવવા માંગતા ટ્રમ્પ અને નેતન્યાહુ જ ઊંધા પડી ગયા

વિશ્વના રાજકીય ઇતિહાસમાં એવા અનેક દાખલા નોંધાયેલા છે જ્યાં તાકાતના મદમાં અંધ બનેલા શાસકોએ અન્ય સાર્વભૌમ દેશોમાં પોતાની મરજી મુજબની વ્યવસ્થા લાદવાના મરણિયા પ્રયાસો કર્યા હોય. બીજા વિશ્વયુદ્ધ પછીથી અમેરિકી વિદેશ નીતિનો એક મોટો હિસ્સો કહેવાતા 'શાસન પરિવર્તન' ની આસપાસ ફરતો રહ્યો છે. ઇરાક, લિબિયા અને અફઘાનિસ્તાનના કડવા અનુભવોમાંથી કોઈ બોધપાઠ લીધા વિના, વોશિંગ્ટન અને તેલ અવીવે ઈરાનને નિશાન બનાવીને જે જુગાર ખેલ્યો, તેનું પરિણામ આજે વિશ્વ સમક્ષ ખુલ્લું પડી ગયું છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઇઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ દ્વારા તેહરાનમાં સત્તા પલટો કરવાના મનસૂબા સાથે છેડાયેલું અભિયાન માત્ર લશ્કરી મોરચે જ વ્યર્થ સાબિત નથી થયું, પરંતુ તેના કારણે બંને નેતાઓએ પોતાના ઘરઆંગણે જે કારમી રાજકીય પછડાટ સહન કરવી પડી છે, તે આંતરરાષ્ટ્રીય મુત્સદ્દીગીરીના ઇતિહાસમાં એક અભૂતપૂર્વ અધ્યાય બની ગયો છે.

કોઈપણ રાષ્ટ્રની રાજકીય સંરચના માત્ર એક વ્યક્તિ કે અમુક લશ્કરી મથકો પર ટકેલી હોતી નથી, ખાસ કરીને જ્યારે તે રાષ્ટ્ર દાયકાઓ જૂની વૈચારિક અને સંસ્થાકીય વ્યવસ્થા ધરાવતું હોય. ટ્રમ્પ અને નેતન્યાહુની સૌથી મોટી વ્યૂહાત્મક ભૂલ એ હતી કે તેઓએ ઈરાનને માત્ર આયાતુલ્લાહ અલી ખામનેઈના વ્યક્તિગત નેતૃત્વ તરીકે જોયું. વાસ્તવિકતા એ છે કે ૧૯૭૯ની ક્રાંતિ પછી ઈરાને એવી જટિલ સંસ્થાકીય શક્તિ ઊભી કરી છે, જેમાં ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ, મઝહબી પરિષદો, અર્ધલશ્કરી દળો અને ન્યાયતંત્ર એકબીજા સાથે ઊંડાણપૂર્વક ગૂંથાયેલાં છે. સત્તાનો કોઈ એક ચોક્કસ આધારસ્તંભ તૂટે તો પણ વૈકલ્પિક સ્તંભો તરત જ સુરક્ષા અને વહીવટની લગામ સંભાળી લે છે. જાન્યુઆરી ૨૦૨૬માં ઈરાનમાં આર્થિક અને સામાજિક કારણોસર ભડકેલા જનઆંદોલનોને ટ્રમ્પ વહીવટીતંત્રે ક્રાંતિની તક માની લીધી હતી. પશ્ચિમી વ્યૂહરચનાકારો એ ભ્રમમાં રહ્યા કે વિરોધ પ્રદર્શનો કરી રહેલા ઈરાની નાગરિકો અમેરિકા કે ઇઝરાયલના મિસાઇલ હુમલાઓનું સ્વાગત કરશે. આ સાથે જ, અમેરિકાએ ભૂતપૂર્વ શાહના પુત્ર રેઝા પહલવીને એક સંભવિત વિકલ્પ તરીકે આગળ લાવવાનો જે આયાસ કર્યો, તે તેમની જમીની વાસ્તવિકતાથી વિમુખ માનસિકતા દર્શાવે છે. જે દેશ ૧૯૭૯માં રાજાશાહીના અત્યાચારો સામે બળવો કરીને પ્રજાસત્તાક બન્યો હોય, ત્યાં ફરી એ જ ભૂતકાળના વંશજને વિદેશી પીઠબળ સાથે સત્તા સોંપવાની કલ્પના જ હાસ્યાસ્પદ હતી. ઈરાની પ્રજા સુધારા ઇચ્છતી હોઈ શકે, પણ પશ્ચિમી દેશો દ્વારા થોપાયેલી કઠપૂતળી સરકાર ક્યારેય નહીં. આ સમગ્ર પ્રકરણમાં વિદેશી ગુપ્તચર તંત્રોની ક્ષમતા અને વિશ્લેષણ પર પણ મોટો પ્રશ્નાર્થચિહ્ન મુકાઈ ગયો છે.

આ વિનાશક સાહસની સૌથી તીવ્ર આડઅસર યુદ્ધની આગ ભડકાવનારા દેશોના આંતરિક રાજકારણ પર પડી છે. ઇઝરાયલના ઇતિહાસમાં સૌથી લાંબા સમય સુધી સત્તા ભોગવનારા નેતન્યાહુએ પોતાના વ્યક્તિગત રાજકીય અસ્તિત્વને બચાવવા માટે દેશને સતત યુદ્ધની સ્થિતિમાં રાખવાની વ્યૂહરચના અપનાવી હતી. ઈરાન સામે સીધો મોરચો માંડીને તેઓ ઘરેલુ મોરચે પોતાના પર ચાલતા ભ્રષ્ટાચારના કેસો અને વિરોધ પક્ષોના દબાણમાંથી ધ્યાન ભટકાવવા માગતા હતા. પરંતુ, ઇઝરાયલી મતદારોએ આ વખતે તેમની યુદ્ધખોર નીતિઓને સ્પષ્ટપણે નકારી કાઢી છે. ૨૭ ઓક્ટોબરની ચૂંટણી પરિણામોએ નેતન્યાહુના સત્તાના પાયા હચમચાવી દીધા છે. ૧૨૦ બેઠકોની નેસેટમાં નેતન્યાહુનું ગઠબંધન માત્ર ૫૩ બેઠકો પર સમેટાઈ ગયું, જે ૬૧ બેઠકોની સામાન્ય બહુમતીથી ઘણું દૂર છે. યુદ્ધના સતત ખર્ચ, સરહદો પરની અસુરક્ષા, અર્થતંત્ર પરનો બોજ અને યુદ્ધના કોઈ નિર્ણાયક અંત વિનાના ખેંચાણથી કંટાળેલી જનતાએ પરિવર્તનનો કોલ આપ્યો છે. વિપક્ષે ૪૮ બેઠકો સાથે ભૂતપૂર્વ લશ્કરી વડા ગાદી આઇઝેનકોટને વડાપ્રધાન પદ માટે સમર્થન આપીને નેતન્યાહુ સામે ઘેરાબંધી મજબૂત કરી દીધી છે. દાયકાઓથી સુરક્ષાના મસીહા તરીકે પોતાને રજૂ કરતા નેતન્યાહુ માટે આનાથી મોટી રાજકીય નાલેશી બીજી કોઈ ન હોઈ શકે કે જે યુદ્ધ તેઓ જીતવાનો દાવો કરતા હતા, તેણે જ તેમની રાજકીય કારકિર્દીના અંતની પટકથા લખી નાખી.

બીજી તરફ, વ્હાઇટ હાઉસમાં બેસીને 'અમેરિકા ફર્સ્ટ'ના નારા લગાવનારા ડોનાલ્ડ ટ્રમ્પને પણ અમેરિકન જનતાએ લપડાક લગાવી છે. ૩ નવેમ્બર ૨૦૨૬ના રોજ યોજાયેલી યુએસ મધ્યસત્ર ચૂંટણીઓમાં ડેમોક્રેટિક પાર્ટીએ સેનેટ અને હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ બંને ગૃહોમાં નોંધપાત્ર સરસાઈ મેળવી લીધી છે. અમેરિકી મતદારોએ સાબિત કરી દીધું કે દૂરના દેશોમાં સરકારો બદલવાના અહંકાર કરતાં દેશના પોતાના સામાન્ય નાગરિકોનું કલ્યાણ વધુ અગત્યનું છે. કોંગ્રેસના બંને ગૃહોમાં બહુમતી ગુમાવ્યા બાદ ટ્રમ્પ હવે પ્રમુખપદની બાકી રહેલી મુદત દરમિયાન માત્ર 'લેમ ડક' પ્રમુખ બનીને રહી જશે. તેમના નિર્ણયો પર સંસદીય તપાસો અને કડક નાણાકીય નિયંત્રણો લદાશે, જેનાથી તેમની વૈશ્વિક તાકાતનો પરપોટો ફૂટી ચૂક્યો છે.

લશ્કરી તાકાતથી સાર્વભૌમ દેશોની સરહદો પર હુમલા કરી શકાય છે, ઇમારતો ધ્વસ્ત કરી શકાય છે, નેતાઓની હત્યા કરી શકાય છે; પરંતુ કોઈ રાષ્ટ્રની આંતરિક વિચારધારા, સંસ્થાઓ અને સામાજિક વાસ્તવિકતાને બળજબરીથી બદલી શકાતી નથી. વિદેશી શક્તિઓએ જ્યારે જ્યારે અન્ય સંસ્કૃતિઓ પર પોતાની મનપસંદ રાજકીય વ્યવસ્થા થોપવાનો પ્રયાસ કર્યો છે, ત્યારે ત્યારે પરિણામો વિનાશક જ આવ્યા છે.

ઈરાન સામેનું આ સંયુક્ત સાહસ વિશ્વને એ શીખવે છે કે લોકશાહી દેશોના નેતાઓ જ્યારે ઘરઆંગણાની નિષ્ફળતાઓ છુપાવવા વિદેશી સંઘર્ષોનો સહારો લે છે, ત્યારે અંતે તો લોકશાહી પ્રક્રિયા જ તેમને સબક શીખવે છે. ટ્રમ્પ અને નેતન્યાહુ બંનેએ ઈરાનને ઘૂંટણિયે લાવવાના સ્વપ્ન જોયા હતા, પરંતુ નિયતિની ક્રૂરતા જુઓ કે ઈરાનની વ્યવસ્થા જેવી હતી તેવી અડીખમ રહી અને આ બંને દિગ્ગજો પોતાના જ દેશોમાં સત્તા ગુમાવવાની અણી પર આવીને ઊભા રહી ગયા છે. આંતરરાષ્ટ્રીય સંબંધોમાં આત્મવિશ્વાસ અને અહંકાર વચ્ચેનો ભેદ પારખવો કેટલો અનિવાર્ય છે, તેનો આનાથી વધુ સચોટ ઐતિહાસિક પુરાવો બીજો કયો હોઈ શકે? તમામ જોહુકમી કરનારા સત્તાધીશોએ આ વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે.

રામલીલા મેદાનની રેલી: રાહુલ ગાંધી અને વિપક્ષનું શક્તિપ્રદર્શન, મોદી સરકાર માટે રાજકીય પડકાર?

દિલ્હીનું રામલીલા મેદાન ભારતીય રાજકારણના ઇતિહાસમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. અહીંથી અનેક આંદોલનો શરૂ થયાં છે, સત્તાને પડકારવામાં આવી છે અને જનતાના અસંતોષને રાજકીય અવાજ મળ્યો છે. ૧ નવેમ્બર, ૨૦૨૬ના રોજ આ જ મેદાનમાં કોંગ્રેસ અને INDIA ગઠબંધનના અનેક પક્ષોએ 'વોટ બચાવો, દેશ બચાવો'ના નારા સાથે શક્તિપ્રદર્શન કર્યું. રાહુલ ગાંધી, મલ્લિકાર્જુન ખડગે, મમતા બેનરજી, અખિલેશ યાદવ અને અન્ય વિપક્ષી નેતાઓની ઉપસ્થિતિએ આ રેલીને રાષ્ટ્રીય રાજકારણમાં મહત્ત્વપૂર્ણ બનાવી. પરંતુ આ રેલી કેટલી પ્રભાવશાળી હતી અને તેની અસર નરેન્દ્ર મોદી સરકાર પર કેટલી પડશે, તે સમજવા માટે ભીડ કરતાં આગળ વિચારવું જરૂરી છે.

કોંગ્રેસે રેલીમાં દસ લાખ લોકોની હાજરીનું લક્ષ્ય જાહેર કર્યું હતું. આટલી મોટી સંખ્યામાં લોકોને એકત્રિત કરવાનો પ્રયાસ પોતે જ એક મોટો પડકાર હતો. જો કે રેલી પછી ભાજપે ભીડ અંગે સવાલો ઉઠાવ્યા અને મેદાનનો મોટો ભાગ ખાલી હોવાનો દાવો કર્યો. વિપક્ષે બીજી તરફ તેને પોતાની રાજકીય સફળતા ગણાવી. વાસ્તવિક હાજરી અંગેના દાવાઓ વચ્ચે એક બાબત સ્પષ્ટ હતી કે કોંગ્રેસ અને તેના સાથી પક્ષોએ રાષ્ટ્રીય સ્તરે કાર્યકરોને એકત્રિત કરવાની ક્ષમતા દર્શાવી. રાજકીય રેલીનું મૂલ્યાંકન માત્ર ભીડના આંકડાથી થતું નથી. લોકો શા માટે આવ્યાં, કયા મુદ્દે એકત્રિત થયાં અને રેલી પછી શું કરશે, તે વધુ મહત્ત્વપૂર્ણ છે.

રાહુલ ગાંધી માટે આ રેલીનું મહત્ત્વ ખાસ હતું. તેઓ છેલ્લા કેટલાક સમયથી મતદાર યાદીઓની વિશ્વસનીયતા અને ચૂંટણી પ્રક્રિયાની પારદર્શિતા અંગે સતત પ્રશ્નો ઉઠાવી રહ્યા છે. ખાસ કરીને મતદાર યાદીઓના વિશેષ નિરીક્ષણ એટલે કે SIRની પ્રક્રિયા અંગે વિપક્ષે વિરોધ વ્યક્ત કર્યો છે. વિપક્ષનો આરોપ છે કે મતદારોનાં નામ દૂર થવાથી નાગરિકોના મતાધિકારને નુકસાન થઈ શકે છે. જો કે આ આરોપો અંગે ચૂંટણી પંચ અને સરકારના પક્ષની દલીલો અલગ છે. તેથી આ મુદ્દે અંતિમ નિર્ણય તથ્યો, તપાસ અને કાયદાકીય પ્રક્રિયાના આધારે જ થવો જોઈએ. રાહુલ ગાંધી આ મુદ્દાને માત્ર ચૂંટણીની ટેકનિકલ પ્રક્રિયા તરીકે નહીં, પરંતુ લોકશાહીની વિશ્વસનીયતા સાથે જોડવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ વ્યૂહરચના તેમને ભાજપ સામે એક વ્યાપક રાજકીય મુદ્દો આપે છે, પરંતુ આરોપોને પુરાવા સાથે રજૂ કરવાની જવાબદારી પણ વધારે છે.

રેલીનું બીજું મહત્ત્વ INDIA ગઠબંધનની એકતામાં રહેલું છે. કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી અને ડાબેરી પક્ષોના પોતાનાં રાજકીય હિતો અને પ્રાદેશિક પ્રાથમિકતાઓ છે. ઘણી વખત આ પક્ષો એકબીજાની સામે ચૂંટણી પણ લડે છે. આવી સ્થિતિમાં એક જ મંચ પર ઊભા રહેવું રાજકીય સંકેત છે. તે દર્શાવે છે કે ભાજપ સામેના વિરોધમાં વિપક્ષ ઓછામાં ઓછા એક મુદ્દા પર એકત્રિત થઈ શકે છે. જો કે એકતા અને ગઠબંધન વચ્ચે મોટો તફાવત છે. એક મુદ્દા પર સાથે ઊભા રહેવું સરળ છે, પરંતુ બેઠકોની વહેંચણી, ઉમેદવારોની પસંદગી અને સંયુક્ત ચૂંટણી વ્યૂહરચના ઘડવી વધુ મુશ્કેલ છે. રેલી પછી INDIA ગઠબંધન આ દિશામાં આગળ વધે તો તેનું રાજકીય મહત્ત્વ વધશે.

નરેન્દ્ર મોદી સરકાર માટે આ રેલી તાત્કાલિક રાજકીય સંકટ કરતાં વધુ એક ચેતવણી બની શકે છે. ચૂંટણી પંચ જેવી બંધારણીય સંસ્થાઓ અંગે જનતાનો વિશ્વાસ લોકશાહીની મૂળભૂત જરૂરિયાત છે. મતદાર યાદીઓની પ્રક્રિયા અંગે શંકા ઊભી થાય તો પારદર્શિતા વધારવી જરૂરી બને છે. વિપક્ષ આ મુદ્દાને ફરી રાષ્ટ્રીય ચર્ચાના કેન્દ્રમાં લાવ્યો છે. સરકાર અને ચૂંટણી પંચ માટે પડકાર માત્ર રાજકીય આરોપોનો જવાબ આપવાનો નથી, પરંતુ મતદારોનો વિશ્વાસ જાળવવાનો પણ છે. જો કે શિક્ષણની તકો મહત્ત્વપૂર્ણ છે. મધ્યમ વર્ગ માટે મોંઘવારી, આરોગ્ય અને ઘરખર્ચના પ્રશ્નો છે. તેથી વિપક્ષે 'વોટ બચાવો' પછી સામાન્ય માણસના જીવનમાં શું બદલાશે, તેનો જવાબ આપવો પડશે. જો ચૂંટણીની વિશ્વસનીયતા અંગેનું અભિયાન રોજગાર, મોંઘવારી અને ખેડૂતોના પ્રશ્નો સાથે જોડાશે, તો તેની અસર વધુ વ્યાપક બની શકે છે.

આ રેલી કોંગ્રેસને કાર્યકરોમાં નવો ઉત્સાહ આપવાની અને માટે મજબૂત સંગઠન, વિશ્વસનીય નેતૃત્વ, સ્પષ્ટ કાર્યક્રમ, અસરકારક ઉમેદવારો અને મતદારો સાથે સતત સંપર્ક જરૂરી છે. રેલીમાં ભીડ એકત્રિત કરવી અને ચૂંટણીમાં મત મેળવવા એ બે અલગ બાબતો છે.

અંતે, રામલીલા મેદાનની રેલીને વિપક્ષની રાજકીય હાજરી અને એકતાના પ્રદર્શન તરીકે જોવી યોગ્ય છે. તેણે સરકાર સામે એક મુદ્દાને ફરી ચર્ચામાં લાવ્યો અને રાહુલ ગાંધીને પોતાનું નેતૃત્વ રજૂ કરવાની તક આપી. પરંતુ આ રેલીથી મોદી સરકારની સ્થિતિ તરત બદલાઈ ગઈ છે એવું કહેવું અતિશયોક્તિ હશે. સાચી કસોટી હવે શરૂ થાય છે. શું વિપક્ષ આ શક્તિપ્રદર્શનને સતત જનઆંદોલનમાં ફેરવી શકશે? શું INDIA ગઠબંધન એક રેલી પછી પણ એકસાથે રહી શકશે? અને શું તે વિરોધને વિશ્વસનીય રાજકીય વિકલ્પમાં પરિવર્તિત કરી શકશે? આ પ્રશ્નોના જવાબ આગામી મહિનાઓમાં મળશે. કારણ કે રાજકારણમાં એક દિવસનું શક્તિપ્રદર્શન મહત્ત્વનું હોય છે, પરંતુ લાંબા ગાળાની રાજકીય શક્તિનું સાચું માપદંડ જનતાનો વિશ્વાસ છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ઇકો-નોમિક્સ

ડૉ.જયનારાયણ વ્યાસ

લોકો શા માટે આવ્યાં, કયા મુદ્દે એકત્રિત થયાં અને રેલી પછી શું કરશે, તે વધુ મહત્ત્વપૂર્ણ છે

સ્નેહમિલન એટલે સાથે મળવું? કે સાથે હોવું?

દિવાળીના તહેવારોમાં સામાન્ય રીતે ઘરનાં બધાં કે મિત્રો ભેગાં થાય છે. વર્ષભર વિવિધ ભાગદોડમાં વ્યસ્ત રહેવાને કારણે એકબીજાને પૂરતો સમય ન આપી શકતાં પરિવારજનો કે સ્નેહીજનો સાથે મળે છે, સાથે ભોજન કરે છે. પણ આ મેળાવડામાં એક દૃશ્ય સામાન્યપણે જોવા મળે છે. એક જ રૂમમાં બેઠેલા લગભગ દરેકની નજર પોતાના મોબાઇલ ફોનની સ્ક્રીન પર ખોડાયેલી હોય છે. કોઈ સંદેશા વાંચે છે, કોઈ સોશિયલ મીડિયા ફંફોસે છે, તો કોઈ રીલ જુએ છે. મળવા માટે ભેગા થયેલા લોકો એકબીજાની બાજુમાં બેઠા હોવા છતાં એકબીજાની સાથે નથી. આ પરિસ્થિતિ એટલી હદે સામાન્ય થઈ ગઈ છે કે હવે આમ હોવું કોઈને અજુગતું લાગતું નથી.

આ સંદર્ભે ઇટાલીના સાર્ડિનિયા ટાપુ પર શરૂ થયેલી એક પહેલ ધ્યાન ખેંચે એવી છે. અહીં આવેલી પંદર રેસ્ટોરાંએ નક્કી કર્યું છે કે એક મહિના માટે સપરિવાર જમવા આવતા લોકોને ભોજન દરમિયાન મોબાઇલ ફોન બાજુએ રાખવા માટે પ્રોત્સાહિત કરવા. આ કોઈ કાયદાકીય પ્રતિબંધ નથી. રેસ્ટોરાંમાં આવનારા પરિવારો પોતાની મરજીથી આ પ્રયોગમાં જોડાઈ શકે છે. પોતાના ફોનને બેગમાં મૂકી દેવાનો કે રેસ્ટોરાંમાં રાખેલી ખાસ ટોપલીમાં મૂકવાનો વિકલ્પ તેમને અપાય છે. બાળકોને ફોન કે ટેબ્લેટ પકડાવીને શાંત રાખવાને બદલે તેમને રમતો, ચિત્રો દોરવાની સામગ્રી અને બીજી પ્રવૃત્તિઓ આપવામાં આવશે.

આ પહેલનો હેતુ બહુ સાદો છે : પરિવારનાં સભ્યો જમતી વખતે એકબીજા સાથે વાત કરે, બાળકો સાથે સમય વિતાવે અને ભોજન માત્ર પેટ ભરવાની ઔપચારિકતા ન બની રહે. સાર્ડિનિયાનાં બાળ અને કિશોર અધિકારોનાં સંરક્ષક અન્ના કાઉએ સ્થાનિક રેસ્ટોરાંના સંગઠન સાથે મળીને આ પ્રયોગ શરૂ કર્યો છે. એક મહિના પછી તેના પરિણામોનું મૂલ્યાંકન કરવામાં આવશે.

આ સમાચાર વાંચતાં પહેલો વિચાર એ આવે કે આવી પહેલની જરૂર જ કેમ પડવી જોઈએ? પરિવાર સાથે જમવું આપણા રોજિંદા જીવનનો સહજ હિસ્સો હતો. જમતી વખતે દિવસભરની વાતો થાય, કોઈના અનુભવની ચર્ચા થાય, બાળકો શાળામાં શું બન્યું તેની વાત કરે, ક્યારેક કોઈ વાતે હસવું આવે, કે કોઈ મુદ્દે મતભેદ પણ થાય. જમવાનું પૂરું થાય ત્યાં સુધીમાં દિવસભરની વાતો ચર્ચાઈ જાય.

હવે આ દૃશ્ય બદલાઈ રહ્યું છે. મોબાઇલ ફોનને કારણે આપણે દૂર બેઠેલા લોકો સાથે સતત જોડાયેલા રહી શકીએ છીએ, પણ આપણી બાજુમાં બેઠેલી વ્યક્તિ સાથે વાત કરવા માટે સમય કાઢવો મુશ્કેલ છે. કોઈ સંદેશ આવ્યો છે કે નહીં, કોઈએ ફોટો મૂક્યો છે કે નહીં, કોઈ નવો વીડિયો આવ્યો છે કે નહીં- આ બધું તપાસતા રહેવાની લ્હાયમાં સામે બેઠેલી વ્યક્તિ શું કહે છે એ સાંભળવાનું ચૂકાઈ જાય છે. ફોનમાં દુનિયા આખી સમાઈ ગઈ છે એ ખરું, પણ ઘણી વાર એમ લાગે કે આપણી નજીકની દુનિયા જ તેનાથી ઓઝલ થઈ ગઈ છે.

આ પરિસ્થિતિમાં સૌથી વિચારવા જેવો મુદ્દો બાળકોનો છે. બાળકો મોબાઇલ ફોનમાં વધારે સમય વિતાવતાં હોવાની ફરિયાદ મોટા ભાગનાં માતા-પિતા કરે છે. તેમને ફોનથી દૂર રાખવા માટે નિયમો બનાવે છે, સમયની મર્યાદા નક્કી કરે છે અને જરૂર પડે ત્યારે ઠપકો પણ આપે છે. પરંતુ આ જ માતા-પિતા બાળકને ભોજન કરાવતી વખતે તેને શાંત રાખવા માટે ફોન કે ટેબ્લેટ પકડાવી દે છે. બાળક જમતાં જમતાં વીડિયો જોતું રહે તો તેને જમાડવાનું સરળ પડે છે. બહાર રેસ્ટોરાંમાં ગયા હોઈએ ત્યારે બાળક કોઈ તોફાન ન કરે, બીજા લોકોને ખલેલ ન પહોંચાડે એટલે તેના હાથમાં ફોન થમાવી દેવાય છે.

આમ, ફોન બાળક માટે માત્ર મનોરંજનનું સાધન ન બની રહેતાં, પણ કંટાળો આવે ત્યારે, રાહ જોવી પડે ત્યારે કે કોઈની સાથે વાત કરવાની જરૂર ન લાગે ત્યારે તરત હાથવગો થઈ જાય એવો સાથી બની જાય છે. પછી એ જ બાળક ફોન છોડતું નથી એવી મોટાઓ ફરિયાદ કરે છે. સવાલ એ છે કે બાળકોને ફોનની આદત પાડવામાં મોટાઓની ભૂમિકા કેટલી છે?

સાર્ડિનિયામાં થયેલી આ પહેલ પાછળ એક મહત્ત્વનો મુદ્દો છે. તે એ કે બાળકોને મોબાઇલથી દૂર રાખવાની વાત કરતાં પહેલાં મોટાઓએ પોતે પણ ફોન બાજુ પર મૂકવો પડશે. બાળકને જમતી વખતે ફોન ન જોવાનું કહેતા હોઈએ અને આપણે પોતે સતત ફોન તપાસતા રહેતા હોઈએ તો એ વાતની અસર કેટલી થાય? બાળકોને સૂચના કરતાં દાખલો બેસાડવાની અસર વધારે થતી હોય છે. પરિવારના બધા સભ્યો સાથે મળીને ફોન બાજુ પર મૂકે તો એ માત્ર બાળક માટેનો નિયમ નહીં, પણ સૌએ સાથે મળીને સ્વીકારેલી ટેવ બને.

અલબત્ત, મોબાઇલ ફોનને જ બધા પ્રશ્નોનું મૂળ ગણવું યોગ્ય નથી. ટેક્નોલોજીએ આપણને અનેક સગવડો આપી છે. કામકાજ, માહિતી, સંપર્ક અને મનોરંજન માટે તે અનિવાર્ય બની ગયો છે. ફોન વાપરવો ખોટો નથી. પણ ફોનનો ઉપયોગ ક્યારે કરવો અને ક્યારે તેને બાજુ પર રાખવો, એ નક્કી કરવાનો અધિકાર આપણી પાસે રહેવો જોઈએ. બીજી રીતે કહીએ તો સાધન આપણા હાથમાં હોવું જોઈએ; આપણે સાધનના હાથમાં નહીં.

સાર્ડિનિયાની આ પહેલ ખરેખર તો આપણને સૌને આ મુદ્દે વિચારવાની એક તક આપે છે, એમ કહી શકાય.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ફીર દેખો યારોં

બીરેન કોઠારી

બાળકને જમતી વખતે ફોન ન જોવાનું કહેતા હોઈએ અને આપણે પોતે સતત ફોન તપાસતા રહેતા હોઈએ તો એ વાતની અસર કેટલી થાય?

સંયમનું અદૃશ્ય કવચ

રાજ્યના એક યુવાન સેનાપતિને પોતાની તલવાર પર ખૂબ ગર્વ હતો. તે માનતો કે શત્રુને હરાવવા માટે ઝડપ, શક્તિ અને હિંમત જ સૌથી જરૂરી છે. તેના ગુરુએ એક દિવસ તેને તલવારની જગ્યાએ પાણીથી ભરેલો કળશ આપ્યો અને કહ્યું, ''આ કળશ લઈને પહાડની ટોચ સુધી જા. પણ શરત છે કે પાણીનું એક ટીપું પણ ઢોળાવું ન જોઈએ.''

યુવાન સેનાપતિને આ કામ સરળ લાગ્યું. પરંતુ રસ્તામાં મિત્રો મળ્યા, કોઈએ મજાક કરી, કોઈએ પડકાર ફેંક્યો, કોઈએ તેની બહાદુરી વિશે પ્રશ્ન કર્યો. દરેક વખતે તે જવાબ આપવા કે પોતાની શક્તિ બતાવવા રોકાતો અને પરિણામે કળશનું પાણી ઢોળાવા લાગ્યું. તે ગુરુ પાસે પાછો આવ્યો ત્યારે કળશ અડધો ખાલી હતો. ગુરુએ પૂછ્યું, ''પાણી કેમ ઢોળાયું તે ધ્યાન ન રાખ્યું? રસ્તામાં શું થયું કોઈ શત્રુ સામો મળ્યો?'' યુવાન સેનાપતિએ બધી વાત કરી કહ્યું, ''ગુરુજી કોઈ શત્રુ નહીં. આ લોકોની વાતો, મજાક અને પડકારોના જવાબ આપવા ગયો તેમાં પાણી ઢોળાયું.'' ગુરુજીએ કહ્યું, ''જો મારી આ વાત ગાંઠે બાંધી લેજે. તારા હાથમાં શક્તિ છે તેનાથી તારી તલવાર શત્રુ સામે કામ આવે છે, પણ તારા મનની અંદરની અસ્થિરતા સામે તારો સંયમ જ કામ આવશે. જે દરેક પડકારનો જવાબ આપવો જરૂરી માને છે, તે બીજાના હાથમાં પોતાની શક્તિ સોંપી દે છે.'' બીજા દિવસે સેનાપતિ ફરી પાણી ભરેલો કળશ લઈને નીકળ્યો. આ વખતે તેણે કળશ પર જ ધ્યાન રાખ્યું. લોકો બોલ્યા, હસ્યા, ઉશ્કેર્યો; તે સૌને સાંભળતો રહ્યો, પરંતુ દરેક અવાજ પાછળ દોડ્યો નહીં.જવાબ આપવા રોકાયો નહિ. તે પહાડની ટોચ સુધી જઈને ભરેલા કળશ સાથે પાછો આવ્યો.કળશનું પાણી બિલકુલ ઢોળાયું ન હતું. યુવાન સેનાપતિને ગુરુજીએ આ રીતે સંયમ કેળવતાં શીખવ્યો જે તેને યુદ્ધના મેદાનમાં હંમેશા માટે એક અદૃશ્ય કવચ આપ્યું. તે ક્યારેય પોતાના મન પરનો સંયમ ગુમાવતો નહિ,ઉશ્કેરાયા વિના કે ડર્યા વિના તે હંમેશા પહેલાં પરિસ્થિતિનો અભ્યાસ કરીને યોગ્ય વ્યૂહ રચતો અને ઓછામાં ઓછા નુકસાન સાથે વિજય મેળવતો. જીવનના યુદ્ધમાં પણ મન અને મગજ પર સંયમ નબળાઈ નથી; તે શક્તિને યોગ્ય દિશામાં વાપરવાની ક્ષમતા છે. દરેક અપમાનનો જવાબ, દરેક આમંત્રણનો સ્વીકાર અને દરેક ઇચ્છાની તૃપ્તિ જરૂરી નથી. ક્યારેક પોતાને રોકવું પોતાના મન અને વિચાર પર સંયમ રાખવો જ સૌથી મોટી જીત છે.

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

ગાંધીજીએ પોતડી પહેરવાનું કેમ શરૂ કર્યું ?

વિદેશી કપડાના બહિષ્કાર અને સ્વદેશી ચળવળ દરમ્યાન ગાંધીજી જ્યારે મદુરાઈ જઈ રહ્યા હતા ત્યારે તેમણે જોયું કે દેશનાં અસંખ્ય ગરીબ ખેડૂતો અને શ્રમિકો પાસે પહેરવાનાં પૂરતા પ્રમાણમાં કપડાં નહોતાં. આથી તેમણે મદુરાઈમાં લાલજી કાનજીના ઘરે ઊતર્યા હતા ત્યાં તેમણે પોતાના પરંપરાગત પોશાકનો ત્યાગ કરીને ૨૨ સપ્ટેમ્બર ૧૯૨૧ના રોજ માત્ર ટૂંકી ધોતી (પોતડી) અને શાલ પહેરવાનું શરૂ કર્યું. તેમણે વિચાર્યું કે જો દેશનાં કરોડો ગરીબ લોકો પાસે પહેરવાનાં પૂરતાં કપડાં ન હોય તો પોતે મોટી ધોતી-શર્ટ-કોટ કેવી રીતે પહેરી શકે? વર્ષ ૧૯૩૧માં લંડનમાં રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાં ગયા હતા ત્યારે તે સમયના રાજા પંચમ જ્યોર્જ તરફથી તેમને બકિંગહામ પેલેસમાં મળવા માટે આમંત્રણ હતું, ત્યારે રાજાને મળવા માટે ખાસ ઔપચારિક શાહી પોશાક (શુટ-બૂટ-ટાઈ વ.) પહેરવાનો પ્રોટોકોલ હતો. પરંતુ ગાંધીજીએ સ્પષ્ટ કર્યું કે તેઓ તેમના જ પોતડી/શાલવાળા પોશાકમાં જ રાજાને મળશે. મુલાકાત પૂરી થયા બાદ એક બ્રિટીશ પત્રકારે ગાંધીજીને પૂછ્યું કે રાજાને તમે પોતડી પહેરીને જ મળ્યા? પૂજ્ય બાપુએ હસતાં હસતાં ઉત્તર આપ્યો કે રાજાએ આપણા બંનેના થઈ રહે એટલાં કપડાં એમણે એકલાએ જ પહેર્યાં હતાં. પોતડી દ્વારા તેઓ વિશ્વનાં લોકોને બતાવી રહ્યાં હતાં કે તેઓ ભારતના ગરીબમાં ગરીબ લોકોનું પ્રતિનિધિત્વ કરે છે!

સુરત - કિરીટ એન. ડુમસિયા

'વાઘ બારસ' કે 'વાક્ બારસ'

આપણે દર વર્ષે દિવાળીનો તહેવાર પંચપર્વ તરીકે ઉલ્લાસથી ઉજવીએ છીએ. આ તહેવારોમાં વાઘબારસ ઉજવીએ છીએ, પણ હવે મોટાભાગના ઉત્સવપ્રિયોને ખબર છે કે વાઘબારસ નહીં, પણ સાચો શબ્દ વાક્ બારસ છે. સંસ્કૃતમાં 'વાક્' એટલે 'વાણી'. વાક્ બારસ એટલે વાણીની દેવી મા સરસ્વતીની આરાધનાનો દિવસ. આ મહાપર્વ અપભ્રંશને કારણે વાક્ નું વાઘ બની ગયું અને લોકો આંગણામાં વાઘનું ચિત્ર બનાવી, નીચે વાઘબારસ લખતા થયા. સમુદ્રમંથનમાં આસો વદ બારસના દિવસે કામધેનુ ગાયનું પ્રાગટ્ય થયું હતું. કામધેનુ માત્ર ઈચ્છાપૂર્તિનું નહીં, પણ વાણીની પવિત્રતાનું પણ પ્રતીક છે. ચોપડાપૂજનનું પર્વ મનાવીએ તે પૂર્વે જીભનું પૂજન પણ આવશ્યક છે. ચાલો, સૌ સાથે મળીને આપણી વાણીને શુદ્ધ કરી આ નવીન ઉત્સવ મનાવીએ. સત્ય, સંયમ અને સંતુલન દ્વારા સંવેદના સિંચીએ. જ્ઞાન અને બુદ્ધિ પ્રદાન કરનારી મા સરસ્વતીને વંદન સહ દિવાળી પર્વની શુભકામનાઓ.

સુરત -અરુણ પંડ્યા

લોહીના સંબંધોમાં દિવાળી જેવા તહેવારનું ઘટતું મહત્ત્વ

દિવાળીનો તહેવાર પરિવારજનો અને સ્વજનો સાથે હળીમળીને આનંદ માણવાનો અવસર છે. એક સમયે આ તહેવારોમાં નોકરી-ધંધામાંથી રજા મેળવી લોકો પરિવાર સાથે સમય વિતાવતા હતા. આજે પણ આ પરંપરા છ